અપીલ અરજી નં.૩૬૦ તા.૧–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ એન બથવાર
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન બથવારની તા. ૨૮–૯–૧૧ની અરજીથી મુદૃા નં. (૧) ભરીમાતા ફુલવાડી પાસે, ક્રોગ્રેસી કોર્પોરેટર નઈમ રીફાઈનાં પાંચ માળનાં આર.સી.સી. બાંધકામની મિલકતની સર્વે પ્લોટ નં.સહિતની નોંધની તથા બાંધકામનાં પ્લાનની સાઈઝ અનુસારની મંજુરીની રજાચિઠ્ઠી માહિતીની નકલ વિ.મુદૃા નં.(૧)થી (૪) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૬૦/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ એન બથવારની તા. ૨૮–૯–૧૧ની અરજીથી મુદૃા નં. (૧) ભરીમાતા ફુલવાડી પાસે, ક્રોગ્રેસી કોર્પોરેટર નઈમ રીફાઈનાં પાંચ માળનાં આર.સી.સી.બાંધકામની મિલકતની સર્વે પ્લોટ નં. સહિતની નોંધની તથા બાંધકામનાં પ્લાનની સાઈઝ અનુસારની મંજુરીની રજાચિઠ્ઠી માહિતીની નકલ વિ.મુદૃા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદૃા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માંગેલ માહિતી અંગે નિર્દિષ્ટ નામે કે જણાવેલ સ્થળ–સ્થિતિમાં બાંધકામ–પરવાનગી કે તે વિના બાંધકામની દફતરી માહિતી નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૦૫૨ તા.૧૧–૧૧–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને તથા અરજદારને નિર્દિષ્ટ વ્યકિત ધ્વારા–નિર્દિષ્ટ સ્થળે બાંધકામ કરાવ્યાના કોઈ આધાર હોય તો રજુ કરવા તથા સ્થળ સ્થિતિના ચોકકસ નોંધ નં., ફા.પ્લોટ નં.,સર્વે નં.ટી.પી.સ્કીમ નં. આપી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી લીંબાયતઝોન તરફથી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મેહકમ/આ.નં.૨૫૧૦ તા.૩–૧૨–૧૧ થી જાહેરમાહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૬૨ તા.૩૦–૯–૧૧ થી નોર્થઝોન, લીંબાયતઝોન તથા ઉધનાઝોન, સુડાને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ આ.નં. ૨૧૭૧ તા.૨૫–૧૦–૧૧ ના પત્રની નકલ, નોડલ ઓફિસર તરફથી પત્ર નં.૧૦૧૭ તા.૪–૧૧–૧૧ થી અપીલ અધિકારી સુડાને અપીલ તબદીલી અંગેના પત્રની નકલ, અરજદારને પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૫૦૯ તા.૩–૧૨–૧૧ થી પાઠવેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા કતારગામઝોન તરફથી અત્રે કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૮–૧૧–૧૧ નો પૂરક વિગતો જણાવતો પત્ર મળેલ છે.

અરજદારની તા.૨૮–૯–૧૧ ની અરજીથી મ્યુ. કોર્પોરેટરોએ ગેરકાયદેસર મિલ્કતનું બાંધકામ કરેલ હોય જેનું બીપીએમસી એકટની કલમ–૨૬૦ હેઠળ નોટીસ આપ્યા વગર કાયદેસર ડીમોલીશન અંગેની માહિતીની નકલની માહિતી માંગતી અરજી કાર્યપાલક ઈજનેર સુરત મહાનગપાલિકા જણાવતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. મુદૃા નં. (૧) ભરીમાતા ફુલવાડી પાસે, ક્રોગ્રેસી કોર્પોરેટર નઈમ રીફાઈનાં પાંચ માળનાં આર.સી.સી.બાંધકામની મિલકતની સર્વે પ્લોટ નં. સહિતની નોંધની તથા બાંધકામનાં પ્લાનની સાઈઝ અનુસારની મંજુરીની રજાચિઠ્ઠી માહિતીની નકલ.મુદૃા નં.(૨) સંજયનગર લીંબાયતમાં ભાજપના કોર્પોરેટર રવીન્દ્ર પાટીલની ગ્રાઉન્ડ ફલોરને આર.સી.સી. બાંધકામ કરેલ હોય જે મિલ્કતની સર્વે નંબર, પ્લોટ સહિતની તથા બાંધકામના પ્લાનની સાઈઝ અનુસારના પાનાની મંજુરીની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી લીંબાયતઝોનના રેકર્ડ મુજબ સંજયનગર, લીંબાયતમાં રવિન્દ્ર પાટીલ વ્યકિતની મિલ્કતનો કોઈ ઉલ્લેખ નથી. સ્પષ્ટ લોકેશન જણાવ્યેથી દફતરી માહિતી આપી શકાશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારને અપીલ તબકકે પણ સ્થળ સ્થિતિ અને ચોકકસ નોંધ

નંબર ફા.પ્લોટ, સર્વે નંબર તેમજ ટીપી સ્કીમ નંબર જણાવી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? તે અંગે તક આપવા છતાં અરજદાર તરફથી તેવો પ્રયત્ન થયેલ જણાતી નથી. મુદ્દા નં.(૩) ઓમકાર સોસા. ડીંડોલીમાં ભાજપના કોર્પોરેટરો દયાશંકરસિંહે સુડાની કચેરીમાં દુકાનો અંગેના મિલ્કતનો પ્લાન મંજુર કરાવેલ અને અને હાલમાં બાંધકામ આર.સી.સી. સુડાના પ્લાનની વિરુધ્ધ આઈડીયલ પબ્લીક સ્કુલને કરેલ હોય જે મિલ્કતના સર્વે નંબર, પ્લોટ સહિતની તથા બાંધકામના પ્લાનની સાઈઝ અનુસાર પાનાની મંજુરીની રજાચિઠ્ઠીની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી ડીંડોલીમાં કોઈ ઓમકાર સોસા. આવેલ હોવાનું રેકર્ડ પર ઉપલબ્ધ નથી સ્પષ્ટ લોકશેન સહિત જાણ કર્યેથી માહિતી આપી શકાય તેવું જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી જણાવવામાં આવેલ છે. મુદ્દા નં.(૪) અવિર્ભાવ સોસા. પાંડેસરામાં કોર્પોરેટર ઈ.કે. પાટીલે આર.સી.સી. બાંધકામ સ્કુલનું કરેલ હોય જે મિલ્કતના સર્વે નંબર, સર્વે નંબર, પ્લોટ સહિતની તથા બાંધકામના પ્લાનની સાઈઝ અનુસાર પાનાની મંજુરીની રજાચિઠ્ઠીની માહિતી. જે અંગે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ /આ.નં.જાવક/૧૧૬૨ તા.૩૦–૯–૧૧ થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેર નોર્થઝોન, લીંબાયતઝોન અને ઉધનાઝોન તથા મુખ્ય કારોબારી અધિકારી સુડા સુરતને તબદીલ કરવામાં આવેલ. જે સુડા તરફથી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારીને પત્ર નં.સુડા/યુ–૪/આઈ.ડી નં.૧૨૬૦/૩૪૮૮ તા.૧૭–૧૦–૧૧ થી તબદીલ કરવામાં આવેલ. જે નગર નિયોજક ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી ટીપીડી/આ.નં.૩૬૭ તા.૨૫–૧૦–૧૧ થી નગર નિયોજક અને મ. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૩૨ તા.૯–૧૧–૧૧ થી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર કતારગામઝોન, ઉધનાઝોન અને લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. આમ સેન્ટ્રલઝોન અને શહેર વિકાસ વિભાગ તરફથી અરજદારની મુળ અરજી મુદ્દા નં.૧ માટે કતારગામઝોન, મુદ્દા નં.૨ અને ૩ માટે લીંબાયતઝોન અને મુદ્દા નં.૪ માટે ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ ન મળ્યો હોવાનું જણાવી તા.૧–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. જેમાં અરજદારે સેન્ટ્રલઝોન તરફથી સુડા ,ઉધના, લીંબાયત અને કતારગામઝોનને તબદીલી અંગેની નકલ મળ્યાનું પણ જણાવેલ છે. પરંતુ અરજદારને માહિતીની નકલો પાઠવેલ ન હોવાથી અરજદાર નારાજ અને અસંતુષ્ટ થઈ અપીલ અરજી કર્યાનું જણાવેલ છે. જે બાબતે અત્રેથી અરજદારને પૂરક વિગતો અંગેનો પત્ર પાઠવવામાં આવેલ. જેમાં મિલ્કતની સ્થિતિ અંગેની સ્પષ્ટતા માંગવામાં આવેલ જે અરજદાર તરફથી કોઈ વિગતો મળેલ નથી. આરટીઆઈ એકટની કલમ–૬(૩) મુજબ તબદીલી થયેલ જણાતી નથી તેમજ જયારે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન કે ઉધનાઝોન તરફથી અરજદારને કોઈ પણ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન, મુદ્દા નં.૪ અંગે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પૂરી પાડવામાં આવેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા અનુક્રમે મુદ્દા નં.૧ અંગે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા મુદ્દા નં.૪ અંગે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

અરજદારની અરજીના મુદ્દા નં.૨ અને ૩ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો સ્પષ્ટ લોકેશન જાહેર માહિતી અધિકારીને પુરું પાડી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશનર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ....જાણ તથા અમલ માટે

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,